


# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૫૧ | મે - ૨૦૨૩ | પત્ર - ૧૧૭


## માતૃદિન

માતૃદિનની ઉજવણી તે 'મા' પ્રત્યેનો પ્રેમ અને આદર દર્શાવે છે. માતાનું આગવું સ્થાન અને માન દર્શાવે છે. માતા પોતાના બાળકો માટે પોતાનું આખું જીવન ત્યાગ અને બલિદાનમાં વિતાવે છે. આથી જ 'મા' માટે ગુજરાતીમાં ઘણી કહેવતો પણ સાંભળીએ છીએ જેમ કેમ 'મા તે મા બીજા વગડાના વા'. આવી અન્ય ઘણી કહેવતો છે જે 'મા' ના મહત્વને દર્શાવે છે.

ઘણા મહાન વ્યક્તિઓએ પોતાના જીવનમાં માતાના મહત્વને દર્શાવતા વિધાનો કહ્યા છે. અબ્રાહમ લિંકન કહે છે કે 'હું જે કંઈ છું અને જે બનવાની અપેક્ષા રાખું છું તે સર્વમાં મારી માતાનો ૠણી છું.' ડી. એલ. મૂડીએ જાહેર કર્યું કે 'મેં જીવનમાં જે કંઈ કર્યું છે તે સર્વમાં મારી માતાનો ૠણી છું. બેન્જામીન વેસ્ટે કહ્યું કે મારી માતાના ચુંબને મને ચિત્રકાર બનાવ્યો.'

આપણા ઘર, કુટુંબ એ બાળકની પ્રથમ પ્રાથમિક શાળા છે જેમાં આપણી સૌથી પ્રથમ પવિત્ર, પ્રેમાળ અને આદર્શ શિક્ષિકા એ માતા છે. આ સાથે ખ્રિસ્તી માતા કોમળ હૃદયમાં સત્યના બીજને ઊંડાણપૂર્વક રોપે છે. આપણા જીવનના બાલ્યાવસ્થા, બાળપણ, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા દરેક તબક્કામાં માતાનું કાર્ય સ્પર્શે છે. માતા એ આપણા જીવનમાં સવાર અને સાંજ બંને સમયે પ્રકાશિત તારા સમાન છે જે આપણને દરેક બાબતમાં પ્રકાશિત કરે છે.

માતા બાળકોને બિનશરતી અને નિખાલસ પ્રેમ કરે છે. પોતે ગમે તેવી પરિસ્થિતિમાં હોય પણ બાળકો માટે હૃદયના ઊંડાણથી સારા આશીર્વાદો ઉચ્ચારે છે. માતા બાળકો સાથે અનુકૂલિત થાય છે. બાળકોને કોઈ તકલીફ ના પડે અથવા વિક્ષેપના આવે તેનું પૂરતું ધ્યાન રાખે છે.

બાળકના જીવનમાં ધાર્મિક શિક્ષણનો સંચાર પણ માતા દ્વારા થાય છે. તિમોથીના જીવનમાં આ બાબત સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. તિમોથીના મા યુનિકામાં જે વિશ્વાસ હતો તે તિમોથીના જીવનમાં જોવા મળે છે. ૨ તિમોથી ૧:૫. તિમોથી બાળપણથી પવિત્રશાસ્ત્ર જાણે છે. આ શિક્ષણ પણ તિમોથીના 'મા' તરફથી મળેલું છે. ૨ તિમોથી ૩:૧૫

આ રીતે માતા બાળકોને ધાર્મિક શિક્ષણ પણ આપે છે અને પ્રભુમાં ઉછેરે છે. માતા બાળકોને સ્નેહ, સમય આપે છે. બાળકોને માટે ઘણું સહન પણ કરે છે.

વ્હાલાઓ માતાનું આવું આગવું અને અનેરું સ્થાન છે. માતાને બાળકોએ પૂરું આદર અને માન આપવા જોઈએ, કદર કરવી જોઈએ. આપણા જીવન, સેવા, કાર્યો, ઉચ્ચ આદર્શથી માતાના હૃદયમાં શાંતિ અને આનંદથાય એ માતાને આપેલ માન અને સન્માન દર્શક છે.

હા, વ્હાલાઓ આ રીતે માતાને માન-સન્માન આપો, તેમની કદર કરો અને તેમની સંપૂર્ણ કાળજી અને સંભાળ લો.

### BIRTHDATE IN MAY

૧/૫ મીના બી. બોરકર
૧/૫ દિપાલી પી. પરિખ
૫/૫ નિલેશ બી. પરીખ
૬/૫ નિપા સી. ચૌહાણ
૭/૫ વેલેન્ટીના એફ. ગોહિલ
૧૦/૫ એની એ. ક્રિશ્ચિયન
૧૦/૫ ઉર્મિલાબેન આર. સોલંકી
૧૫/૫ જેશન જીમી ડેવિડ
૧૬/૫ અરૂણાબેન એસ. ગામડીઆ
૧૬/૫ શૉન એસ. ક્રિશ્ચિયન
૧૭/૫ મનોજકુમાર સી. ચૌહાણ
૧૭/૫ રોહિતભાઈ ફ્રાન્સીસ
૧૮/૫ શરદભાઈ જે. માસ્ટર
૧૮/૫ સુલેમાનભાઈ એસ. ક્રિશ્ચિયન
૧૯/૫ ડોનાલ્ડ જી. મેકવાન U.S.A.
૨૦/૫ આગ્નેશબેન જે. માસ્ટર
૨૦/૫ બેબી આન્યા ઓ. પેટ્રિક
૨૨/૫ ક્રિસ્ટીના એફ. ગોહિલ
૨૫/૫ શ્વેતલ ઓ. ગામડિયા
૨૬/૫ નલીન આર. ક્રિશ્ચિયન
૩૧/૫ રીયોન આઈ. ખ્રિસ્તી

### નાણાંકીય અહેવાલ માર્ચ-૨૦૨૩

| | | |
|---|---|---|
| તા. ૦૧-૦૩-૨૩ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૧,૩૬,૨૭૯.૮૮ |
| | બેંકમાં | ૧૪,૨૭,૬૭૨.૫૯ |
| માર્ચ-૨૩માં થયેલ | આવક | ૩,૨૧,૮૬૭.૦૦ |
| | કુલ | ૧૮,૮૫,૮૧૯.૪૭ |
| તા. ૩૧-૦૩-૨૩ ની બંધ સિલક | રોકડ | ૧૦,૫૪૧.૮૮ |
| | બેંક | ૬,૬૯૦૧૯.૫૯ |
| માર્ચ-૨૩માં થયેલ | જાવક | ૧૨,૦૬,૨૫૮.૦૦ |
| | કુલ | ૧૮,૮૫,૮૧૯.૪૭ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર

આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા. ૧-૪-૨૩ ચર્ચ શરૂઆતના ૫૦ વર્ષ પૂર્ણ થતાં રાત્રે ૮-૦૦ વાગે આભારસ્તુતિ સંગત રાખવામાં આવી. જેમાં સ્થાનિક ચર્ચ સભ્ય અને કોન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ જે. માસ્તરે વચન આપ્યું. તેઓને બુકે આપી સન્માન કર્યું. આ સાથે પાસ્ટરેટ કમિટીના સર્વ સભ્યોને ગુલાબની કલગી આપી સન્માન કર્યું અને ઉપસ્થિત સર્વ સભ્યોને ગુલાબનું ફૂલ આપી સન્માન કર્યું. સર્વએ એકબીજાને અભિનંદન પાઠવ્યા. કેક કાપવામાં આવી. સંગત આશીર્વાદિત રહી.
- તા. ૨-૪-૨૩ પામ સન્ડેની ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ ચર્ચના ૫૦ વર્ષ પૂર્ણ થતાં બાઈબલના ૫૦ મા પુસ્તક ફિલિપ્પીઓને પત્ર આધારિત લેખિત બાઈબલ ક્વીઝ લેવામાં આવી. કુલ ૯૦ વ્યક્તિઓએ ભાગ લીધો. સર્વને અભિનંદન. ભજનસેવા બાદ કેક વહેંચવામાં આવી.
- તા. ૨ થી ૯ દરમિયાન રાત્રે દુઃખ સહન સપ્તાહની મિટીંગોમાં હાજરી આપી.
- તા. ૭-૪-૨૩ સવારે ગુડફ્રાઈડેની ભજનસેવા ચલાવી. પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
- તા. ૯-૪-૨૩ સવારે ઈસ્ટરની ભજનસેવા ચલાવવામાં આવી. રેવ. ડૉ. વિલ્સન પલોરી સાહેબે વચન આપ્યું. શ્રી જસ્ટીન કાઈટ સાહેબે ભાષાંતરની સેવા આપી.
  ભજનસેવા બાદ શાલીન એસ. માસ્તરનો જન્મ દિવસ હોવાથી શ્રી શૈલેષભાઈ માસ્તર પરિવાર તરફથી કેક અને ચ્હાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમાં સર્વ જોડાયા. આભાર.
- ચર્ચ શરૂઆતના ૫૦ વર્ષ પૂર્ણ થતાં ૫૦ મિટીંગોમાંની છેલ્લી ૧૦ મિટીંગો આ પ્રમાણે કરવામાં આવી હતી.સર્વ તરફથી ચ્હા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.

તા. ૧૦-૪-૨૩ શ્રી ઈમુભાઈ એસ. ખ્રિસ્તીના ઘરે
તા. ૧૧-૪-૨૩ શ્રીમતી મધુકાન્તાબેન આર. કાપડિયાના ઘરે
તા. ૧૨-૪-૨૩ કુ. વેલેન્ટીના દાસ તરફથી ચર્ચમાં
તા. ૧૩-૪-૨૩ શ્રીમતી સારાહબેન એફ. ટેલર તરફથી ચર્ચમાં
તા. ૧૪-૪-૨૩ શ્રી નિલેષભાઈ બી. પરીખ તરફથી ચર્ચમાં
તા. ૧૫-૪-૨૩ શ્રી ડેનીભાઈ એ. હેરીના ઘરે
તા. ૧૬-૪-૨૩ શ્રીમતી ડોરોથીબેન જે. દાસ તરફથી ચર્ચમાં
તા. ૧૭-૪-૨૩ કુ. મિનાક્ષીબેન વી. ક્રિશ્ચિયનના ઘરે
તા. ૧૮-૪-૨૩ શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયા તરફથી ચર્ચમાં
તા. ૧૯-૪-૨૩ છેલ્લી ૫૦મી મિટીંગ શ્રી રાજુભાઈ એ. પેટ્રીક પરિવાર તરફથી ચર્ચમાં રાખવામાં આવી હતી. આગાપે મેથોડિસ્ટ ચર્ચની ગાયનટોળીને આમંત્રણ આપ્યું હતું. સર્વ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રી રાજુભાઈ પેટ્રીક પરિવારનો આભાર.

- તા. ૧૬-૪-૨૩ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી હતી. ભજનસેવા બાદ શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન, કુ. સેનીટા ક્રિશ્ચિયન (ન્યુઝીલેન્ડ), કુ. સેલીના ગોહેલનો જન્મદિવસ હોવાથી સર્વ માટે તેઓ તરફથી આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર. પાસ્ટોરેટ કમિટી મળી હતી.
- તા. ૨૩-૪-૨૩ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. ભજનસેવા બાદ શ્રીમતી પારૂલબેન ઓ. ગામડિયાનો જન્મદિવસ હોવાથી તેઓ તરફથી ચ્હા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૩૦-૪-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી.

### બાઈબલ ક્વીઝ

તા. ૪-૬-૨૩ રવિવારે ભજનસેવા બાદ યહોશુઆના પુસ્તકના ૧ થી ૨૪ અધ્યાય પ્રમાણે લેખિત બાઈબલ ક્વીઝ લેવાશે. જેમાં ભાગ લેશો.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ચિરાગ એસ. ચૌહાણ | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ૨. | શ્રી ચિરાગ એસ. ચૌહાણ | પુ.ફંડ | ૧૦૦૦ |
| ૩. | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન<br>ચર્ચના ૫૦ વર્ષ પૂર્ણ થતાં | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૪. | શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયા<br>આંખનું ઓપરેશન સફળતાપૂર્વક થવાથી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૫. | શ્રી શામીભાઈ એ. ગામડિયા | બર્થડે | ૫૦૦ |
| ૬. | શ્રી રશ્મિભાઈ પી. મહિડા | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ૭. | શ્રી રશ્મિભાઈ પી. મહિડા | કૉફીનબોક્ષ | ૧૦૦૦ |
| ૮. | શ્રીમતી સુશીલાબેન એસ. ક્રિસ્ટી | લેન્ટ મિ. | ૫૦૦ |
| ૯. | કુ. સિલિયાબેન એસ. મેકવાન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૦. | સ્વ. ઓનિલ એ. ગામડિયાના સ્મરણાર્થે | કૉ.બોક્ષ | ૧૦૦૦ |
| ૧૧. | શાલીન એસ. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| ૧૨. | સ્વ. માયુષભાઈ એ. રાઠોડના સ્મરણાર્થે | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૩. | શ્રી નિલેષભાઈ બી. પરીખ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૪. | કુ. નિસ્સી એન. ક્રિશ્ચિયન<br>બી.એસસી.ના પ્રથમ વર્ષમાં પાસ થવાથી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૫. | કુ. સેનિટા પી. ક્રિશ્ચિયન તરફથી<br>સ્વ. કાંતિલાલ બી. ક્રિશ્ચિયનના સ્મરણાર્થે | એ.ફંડ | ૧૦૦૦૦ |
| ૧૬. | કુ. સેનિટા પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૭. | સ્વ. જીગ્નેશ જે. દાસના સ્મરણાર્થે<br>કુટુંબ તરફથી | બર્થડે | ૧૦૦૦ |
| ૧૮. | કુ. મિનાક્ષીબેન વી. ક્રિશ્ચિયન<br>કુટુંબ તરફથી | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ૧૯. | શ્રી/શ્રીમતી સતિષભાઈ અને સ્મૃતિબહેન<br>ક્રિશ્ચિયન તરફથી | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ૨૦. | શ્રી શામીભાઈ એ. ગામડિયા | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૧. | ડેઝીલ ડી. હેરી | બર્થડે | ૨૦૦ |
| ૨૨. | કુ. સેલીના એફ. ગોહિલ | બર્થડે | ૨૫૦ |
| ૨૩. | કુ. ક્રિસ્ટીના એફ. ગોહેલ<br>પૂર્ણ સભાસદ થવા બદલ | આ.સ્તુ. | ૨૫૦ |
| ૨૪. | શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહિલ<br>વિરમગામથી અમદાવાદ બદલી થવાથી | આ.સ્તુ. | ૨૫૦ |
| ૨૫. | શ્રીમતી મોનીકાબેન ઓ. પેટ્રીક | આ.સ્તુ. | ૨૦૦ |
| ૨૬. | શ્રીમતી મોનીકાબેન ઓ. પેટ્રીક | મિશનરી | ૧૦૦ |
| ૨૭. | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૮. | શ્રી રશ્મિકાંત પી. મહિડા | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૨૯. | શ્રી રશ્મિકાંત પી. મહિડા | પુ.ફંડ | ૧૦૦૦ |
| ૩૦. | શ્રી રશ્મિકાંત પી. મહિડા | બર્થડે | ૧૦૦૦ |
| ૩૧. | કુ. સલોની એન. મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૩૨. | શ્રીમતી રીનાબેન જે. દાસ | બર્થડે | ૧૦૦૦ |

### જાહેરાતો

- તા. ૨૬ થી ૨૮ મે ૨૦૨૩ દરમિયાન ભરાનાર ગુજરાત રીજીનલ કોન્ફરન્સના ૩૬મા અધિવેશન માટે પ્રાર્થના કરશો.
- તા. ૧૪-૫-૨૩ રવિવારની ભજનસેવામાં માતૃદિનની ઉજવણી થશે.
- રવિવારની ભજનસેવામાં કુટુંબ સાથે હાજરી આપો.
- શુક્રવારની સાંજની પ્રાર્થના સંગતમાં હાજરી આપો.